**કારતક વદ-૧૩, સોમવાર**
**તા. ૧૫-૧૧-૧૯૭૧, ગાથા-૧, પ્રવચન-૯**

આ સમયસાર સિદ્ધાંત. જીવ-અજીવ અધિકારની પહેલી ગાથા. સમયસારની પહેલી ગાથા. મંગળિક તરીકે ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે હું સમયસાર કહીશ. સર્વ સિદ્ધને નમસ્કાર કરીને. એમ કહ્યું ને? સર્વ સિદ્ધો જે અત્યાર સુધી અનંત થયા, એ બધા સિદ્ધોને હું મારી જ્ઞાનની પર્યાયમાં સ્થાપીને અને શ્રોતાના જ્ઞાનની પર્યાયમાં અનંતા સિદ્ધોને ભાવવચન અને દ્રવ્યવચનથી સ્તુતિ કરીને.. એમ કહ્યું ને? મારા આત્મામાં જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્રતારૂપી સિદ્ધોની નિર્વિકલ્પ સ્તુતિ. અને વિકલ્પ જે ઉઠ્યો છે, વાણી નિકળશે, એ દ્રવ્યસ્તુતિ. ભાવ અને દ્રવ્યસ્તુતિ વડે હું મારા આત્માની જ્ઞાનદશામાં અનંતા સિદ્ધોને સ્થાપી, પોતાના જ્ઞાનની પર્યાયમાં પણ ચિદ્દ્ઘનની ભાવસ્તુતિ કરનાર, જેને આત્મસમાધિમાં એકાગ્રતા છે એવા શ્રોતાઓ પણ ભાવસ્તુતિથી અને દ્રવ્યસ્તુતિથી જે લાયક છે એની પર્યાયમાં હું આ સિદ્ધને સ્થાપુ છું. સમજાણું કાંઈ? આ તો અલૌકિક શાસ્ત્ર છે. એનો એક એક શ્લોક અચિંત્ય, મંગળિક અને અચિંત્ય સ્વભાવને જણાવનાર છે. આહા..! એવો હું શાસ્ત્ર સમયસાર કહું છું. પણ એ સિદ્ધગતિને પામેલા, સિદ્ધગતિ એટલે સિદ્ધનું જેને પરિણમન છે, સિદ્ધની દશા જેને પ્રગટી છે, સ્થિતિ છે, હયાતી છે એવા સિદ્ધોને વંદન કરું છું. કેવી છે પંચમગતિ? ત્યાં આવ્યું છે આપણે. પેલું તો બે વાર આવી ગયું. કાલ અને પરમ દિ'.

કેવા છે સિદ્ધો? **'કેવી છે તે પંચમગતિ?'** સિદ્ધગતિ. **'સ્વભાવભાવરૂપ છે...'** આત્માનો જે સ્વભાવ ચૈતન્ય આનંદ અને જ્ઞાન જે ત્રિકાળી, એનું એને પર્યાયમાં પરિણમન થઈ ગયું છે. સમજાણું કાંઈ? જેને સ્વભાવભૂત ધ્રુવ (કહે છે). એ પર્યાય પોતે ધ્રુવ થઈ છે એમ કહે છે. વસ્તુ તો ધ્રુવ છે, પણ સિદ્ધની પર્યાય એ ધ્રુવપણાને પામી છે. સમજાણું કાંઈ? કેમ કે સ્વભાવભાવરૂપ છે. એ સિદ્ધપર્યાય તદ્દન સ્વભાવ શુદ્ધ ચૈતન્ય, એનું પરિપૂર્ણ પરિણમન, અનંત જ્ઞાનાદિ પરિપૂર્ણ દશાના ભાવને પામેલ છે. કહો, સમજાય છે કાંઈ? **'તેથી ધ્રુવપણાને અવલંબે છે.'** સિદ્ધગતિ ધ્રુવપણાને અવલંબે છે. સમજાણું કાંઈ? આ વળી દ્રવ્ય ધ્રુવ, ગુણ ધ્રુવ અને પર્યાય ધ્રુવ. આહા..હા..! પહેલા મંગળિકમાં જ આચાર્ય મહારાજ આમ કહેવા માગે છે. સમજાણું કાંઈ? ધ્રુવપણાનું અવલંબન એટલે ધ્રુવપણાની દશા જેને થઈ છે.

**'ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી,...'** એ અપેક્ષાએ. મનુષ્યગતિ, નરકગતિ, દેવગતિ, પશુગતિ એ તો પરનિમિત્તથી થતી હોવાથી એ એકરૂપ

ધ્રુવ રહેનારી નથી. સિદ્ધગતિ ધ્રુવ છે. કેમ કે એકરૂપતા ત્યાં સાદિઅનંત રહે છે. આહા..! સમજાણું કાંઈ? ચાર ગતિ પરનિમિત્તથી (થતી હોવાથી) '**ધ્રુવ નથી, વિનાશિક છે. ધ્રુવ વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.**' એટલે કે ધ્રુવપણું એનું છે એ પલટીને હવે સંસારી થાય એવું એમાં નથી. કેટલાક કહે છે ને? પરમેશ્વર થાય પણ પાછા જગતમાં અવતાર લે. ભક્તોની ભીડ ટાળવા અને રાક્ષસોને મારવા.

ધ્રુવપણાને પામેલી, એવું ધ્રુવપણું ચાર ગતિમાં નથી. એટલે કે પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો. સિદ્ધની પર્યાય છે તો પર્યાય. સિદ્ધની છે તો પર્યાય. એ કંઈ ગુણ-દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? પણ એ દ્રવ્યને જેમ ધ્રુવતા (ત્રિકાળી છે), ગુણને ધ્રુવતા ત્રિકાળી છે, એમ આને પર્યાયની ધ્રુવતા તે ખસતી નથી. બીજા રૂપે થતી નથી એ અપેક્ષાએ ધ્રુવપણાને પામેલ છે. સમજાણું કાંઈ? આહા..! જુઓને ટીકા! અમૃતચંદ્રાચાર્ય મુનિ સંત છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ચારિત્રવંત, અનંતને પામેલા-દ્રવ્યના અનંત સ્વભાવને પામેલ છે. સમજાણું કાંઈ? એ કહે છે કે અમે આ સિદ્ધને વંદન કરીએ છીએ, હોં! સમજાણું કાંઈ?

એ સિદ્ધને વંદનનો જે વિકલ્પ છે એ વ્યવહાર છે. અને અંતરમાં વ્યવહારની પાછળ નિર્વિકલ્પ દશા જે છે એ સિદ્ધની સ્તુતિ ભાવથી કરી એમ કહેવામાં આવે છે. પણ ભાવ સાથે આવો વ્યવહાર પણ હોય છે એમ સાબિત કર્યું. સમજાણું કાંઈ? પહેલી જ ગાથા સમયસારની. જે દ્વાદશાંગનો સાર અથવા દ્વાદશાંગ સમયનો, દ્વાદશાંગરૂપ શાસ્ત્રનો એક અવયવ છે આ. એનું એક અંગ છે.

કહે છે કે એને વિનાશિકતાનો નાશ થયો. ધ્રુવપણું (થયું). એક ન્યાયે એ સિદ્ધગતિની પર્યાય કૂટસ્થપણાને પામી છે. કૂટસ્થ એટલે તેની તે સદશતા કાયમ રહેનારી, એથી એને કૂટસ્થ કહેવામાં આવે છે. બાકી છે તો પરિણમન. સવારે કહ્યું હતું, જયસેનાચાર્યમાં. ગતિ એટલે સિદ્ધ પરિણમન એમ લીધું છે. સિદ્ધનું પરિણમન. ગતિ એટલે સિદ્ધનું પરિણમન. સિદ્ધ પરિણમન. કેમ કે સિદ્ધ પોતે જ પરિણમનરૂપ છે. સિદ્ધ પોતે પર્યાયસ્વરૂપે-રૂપે છે. સિદ્ધ કંઈ દ્રવ્ય-ગુણ રૂપે નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

અલિંગગ્રહણના વીસમા બોલમાં છેલ્લે કહ્યું છે ને? આત્માનો જેટલો અંતર આનંદનો અનુભવ થાય એ પર્યાય એ જ આત્મા છે. સમજાણું કાંઈ? એ પર્યાય અનુભવ અથવા સિદ્ધની પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. એ પર્યાય ગુણને અડતી નથી. આ તો પરિણમન, સિદ્ધ ગતિ એટલે પરિણમન, ગતિ એટલે પરિણમન. પરિણમન તેટલો આત્મા, એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં કહ્યું ને? ૧૭૨ ગાથામાં વીસ બોલમાં છેલ્લો બોલ. ભગવાન આત્મા પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે દ્રવ્ય-વસ્તુ, એનો જે અર્થાવબોધ-એના અર્થનો પ્રયોજનનો સામાન્ય ભાવ. એ સામાન્યને પર્યાય સ્પર્શતી નથી. સામાન્યને એ

પર્યાય અડતી નથી. એવો એ આત્મા પર્યાયસ્વરૂપ છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આ તો સિદ્ધમાં આ આવી ગયું. સિદ્ધ પર્યાય થઈને? છે તો પર્યાય, પણ એ પરિપૂર્ણ શુદ્ધ આનંદરૂપે અને પરિપૂર્ણ કેવળજ્ઞાનરૂપે પર્યાય છે એ ધ્રુવપણાને અવલંબે છે. એ પોતે દ્રવ્ય-ગુણના આશ્રય વિના સ્વતંત્ર એ પર્યાય ધ્રુવપણાને અવલંબે છે. ધ્રુવપણાને અવલંબે છે એટલે એ પર્યાય ધ્રુવને અવલંબે છે એમ નહિ. સમજાણું કાંઈ? એ પર્યાય પોતે ધ્રુવપણે રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એનું સ્વરૂપ જ એવું છે.

ઉત્તર :- સ્વરૂપ જ એવું છે.

મુમુક્ષુ :- ધ્રુવના અવલંબને તો પ્રગટ થઈ છે.

ઉત્તર :- આ ધ્રુવનું અવલંબન એમ નહિ. પોતે ધ્રુવપણે અવલંબે છે. ધ્રુવપણાસ્વરૂપ જ ઈ છે, એમ કહે છે. આ તો સમયસાર છે. કેવળીના પેટ મૂક્યા છે એમાં તો. સમજાણું કાંઈ?

ધ્રુવપણાને અવલંબે છે તેથી એમાં હવે બદલવું છે, પણ બદલીને વિનાશિકપણું થાય, એનો નાશ થઈ જાય એવું નથી. કેટલાક કહે છે ને, એ બદલે છે ને. રતનચંદજી કહે છે, આજે આમાં પણ આવ્યું છે. એ જ્ઞેયો પલટે છે માટે સિદ્ધની પર્યાય પલટે છે, એમ નથી. સમજાણું કાંઈ? એ ઘણાં વખતથી કહેતા આવે છે. જેવું જ્ઞેય પલટે છે એવું અહીં જ્ઞાન પલટે એમ છે એ તો વ્યવહારનું કથન છે. એનું પોતાનું જ પરિણમન પરિપૂર્ણપણે સમયે સમયે પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં પણ આવ્યું છે. દર વખતે એક જ નાખ્યા કરે છે. જ્ઞેયોને કારણે કેવળીનું પરિણમન છે.

મુમુક્ષુ :- જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ થાય.

ઉત્તર :- એ જ્ઞેય-જ્ઞાયક વળી બીજું. આવે છે ને એક બોલ? એવો આવે છે. આપણે એક બોલ લીધો છે ને. પરિણમનના ઘણાં પ્રકાર છે. એક તો પોતે પોતાથી પરિણમે છે અને જ્ઞેયો પરિણમે છે એમ આ પરિણમે છે, એ અપેક્ષાથી વાત લીધી છે, પરિણમનને સિદ્ધ કરતાં. પ્રવચનસારમાં છે.

અહીં તો જરી એમ આવ્યું, ઓહો..! સિદ્ધગતિ ધ્રુવપણાને અવલંબે છે. એટલે સિદ્ધની પર્યાય ત્રિકાળી દ્રવ્યને અવલંબે છે એમ નહિ. એમ આ અર્થ નથી. પોતે જ એનું ધ્રુવ સ્વરૂપ જ એનું છે. સમજાણું કાંઈ? આહાહા..! તેથી **'પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવચ્છેદ થયો.'** પહેલા ધ્રુવની વ્યાખ્યા કરી. **'वंदित्तु सव्वसिद्धे धुवम'** એ શબ્દની વ્યાખ્યા કરી. એ પર્યાય ધ્રુવ છે, હોં! સમજાણું કાંઈ? પણ એ કારણપર્યાય નહિ. ભાઈ! વળી પાછું કારણપર્યાય ધ્રુવ છે ને. એ નહિ. આહાહા..! આ પ્રગટરૂપ પર્યાય છે. વસ્તુ ધ્રુવ છે, ગુણ ધ્રુવ છે અને એક કારણપર્યાય સમય સમયની ધ્રુવ છે.

એ આ નહિ. સમજાણું કાંઈ? કારણપર્યાય ધ્રુવ છે એમાં તો ઉત્પાદ-વ્યયનું પરિણમન નથી. આરે.. આરે.. ભારે! કારણપર્યાય સમજો છો? ન સમજ્યા? નિયમસારમાં છે. કારણપર્યાય ૧૫મી ગાથામાં આવ્યું છે. આપણે આમાં રેકોર્ડિંગમાં આવ્યું હતું. વાંચ હતી પાછળથી. રેકોર્ડિંગમાં ૧૫મી ગાથા છે.

અહીં કોઈ કહે કે અહીં તો ધ્રુવ છે. માટે એ પર્યાયને ધ્રુવનું અવલંબન, દ્રવ્યનું છે, ગુણનું છે માટે ધ્રુવપણાને અવલંબે છે એમ કહ્યું અને કાં વળી કારણપર્યાય સામાન્યમાં વિશેષ વિશેષ વિશેષ વિશેષ.. ધ્રુવ, એ પણ ધ્રુવ, હોં! એને અવલંબે છે માટે આ પર્યાય ધ્રુવપણે છે, એમ નથી. સમજાણું કાંઈ? એ પલટે તો છે પણ બીજું રૂપ નથી થતું. તેથી તેને ધ્રુવપણાને અવલંબે છે એમ કહેવામાં આવે છે. એને એ રૂપે, એને એ રૂપે સમય સમયમાં સિદ્ધ ભગવાનનો પર્યાય સમયે સમયે નવો નવો નવો પરિણમ્યા કરે છે. કેવળજ્ઞાન પણ સિદ્ધનું જે પહેલા સમયનું છે, બીજે સમયે એ નહિ રહે. સમજાણું કાંઈ? એવું હશે, પણ એ નહિ. એની એ દશા પૂર્ણ રહે છે અને અપૂર્ણ અને વિપરીત થતી નથી તેથી તે પર્યાયને ધ્રુવને અવલંબે છે એમ કહેવામાં આવે છે.

બીજું. '**વળી તે ગતિ કેવી છે?**' હવે અચલની વ્યાખ્યા આવી. અચલ. ધ્રુવ, અચલ, અનુપમ. કુંદકુંદાચાર્યના શબ્દો નિમિત્તથી. શબ્દો શબ્દોના છે. કહે છે ને, હું કહીશ, એમ કહ્યું છે ને? સમયસાર હું કહીશ, લ્યો. એમ કહ્યું છે. '**वक्ष्यामि**' એમ પાઠ છે. હું સમયસાર કહું છું. ભાવરૂપ અને દ્રવ્યરૂપ, બેયને હું કહું છું. સમજાણું કાંઈ? કેવી છે એ ગતિ? '**અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ)...**' છે ત્યાં હવે. એવા અભાવને '**વશ અચલપણાને પામી છે.**' પહેલું આમ ધ્રુવ કીધું, પછી આમ અચલપણાને પામી છે. ચલપણું ત્યાં રહ્યું નથી. આરે..! આવી વ્યાખ્યા. સમજાણું કાંઈ? '**અનાદિ કાળથી અન્ય (પર) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ તેની વિશ્રાંતિ (અભાવ)...**' થઈ ગયો છે. એને વશે '**અચલપણાને પામી છે.**'

'**આ વિશેષણથી,...**' જેને હું વંદન કરું છું એ સિદ્ધ આવા છે એમ ઓળખીને વંદન કરે છે. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં એમ આવે છે ને? હું કોણ? હું તો જ્ઞાન, દર્શન સંપન્ન સ્વરૂપ હું. એ પંચ પરમેષ્ઠીને હું વંદન કરું છું. પ્રવચનસારની પહેલી પાંચ ગાથા. હું કોણ? હું તો જ્ઞાન ને દર્શનથી ભરેલું તત્ત્વ એ હું (છું). એવો હું પંચ પરમેષ્ઠીને નમન કરું છું. એમ છે ને એમાં? અહીં સિદ્ધને નમન કરું છું. ત્યાં તો પ્રત્યેક પ્રત્યેક તીર્થંકરને અને સામૂહિક બધા તીર્થંકરોને એક સાથે અને પૃથક્ પૃથક્ બેયને હું નમન કરું છું. આહા..! સમજાણું કાંઈ? ત્યાં તો ત્યાં સુધી લીધું છે, વર્ધમાન નામ છે ને એમાં તો? ભાઈ! અહીં તો નામ નથી. અહીં તો સિદ્ધ (લીધા છે). ત્યાં વર્ધમાન નામ

છે. ત્યાં ભગવાન કુંદકુંદાચાર્યે એમ કહ્યું કે જેનું નામ સ્મરણ કરવું એ પણ મહામંગળિક છે. મહા લાભનું કારણ છે. છે કે નહિ? નામગ્રહણ પણ સારું છે. અમૃતચંદ્રાચાર્યની ટીકા છે. કેમ કે કુંદકુંદાચાર્યના પાઠમાં જ વર્ધમાન શબ્દ પડ્યો છે. સમજાણું કાંઈ? એનું નામ લઈને વંદન કરે છે. એનું નામ પણ, અરે..! તીર્થંકરોનું નામ પણ લાભદાયક છે. સમજાણું કાંઈ? એ નામમાં અંદર નમેલો ભગવાન આત્મામાં એવું જે નામ યાદ આવતાં આમ નમેલો છું એમ સ્મરણ થાય છે. અને ભગવાનને નમું છું એવો વિકલ્પ પણ ત્યાં થાય છે. સમજાણું કાંઈ?

કહે છે, સિદ્ધગતિ અચલપણાને પામી છે. '**આ વિશેષણથી, ચારે ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે...**' સ્વભાવભાવથી તો ભ્રમણ ન હોય. પરના નિમિત્તને સંગે ઉત્પન્ન થતો વિકલ્પ અને વિકાર એને લઈને ભ્રમણ છે. તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો. સિદ્ધગતિમાં આવું છે નહિ. ચળપણું ચાર ગતિમાં છે એવું નથી તે અચલપણાને પામી છે. '**વળી તે કેવી છે?**' સિદ્ધગતિ. '**જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્ભુત માહાત્મ્ય હોવાથી...**' જગતના પદાર્થોને, ચાર ગતિને તો કથંચિત્ એકબીજાની સમાનતાની ઉપમા આપી શકાય, સિદ્ધને કોઈ ઉપમા નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે તેમનાથી વિલક્ષણ અદ્ભુત માહાત્મ્ય હોવાથી...**' આશ્ચર્યકારી સિદ્ધની પર્યાયનું માહાત્મ્ય હોવાથી '**તેને કોઈની ઉપમા મળી શકતી નથી.**' આ અનુપમની વ્યાખ્યા કરી. '**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं**'. ત્રીજું પદ. '**જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો તેમનાથી...**' જગતમાં ઉપમાયોગ્ય પદાર્થ છે ખરા. '**તેમનાથી વિલક્ષણ અદ્ભુત માહાત્મ્ય હોવાથી તેને કોઈની ઉપમા મળી શકતી નથી. આ વિશેષણથી, ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે...**' ગતિ તરીકે, નારકી તરીકે, પર્યાપ્ત તરીકે એમ તો કેટલુંક સમાનપણું છે ને? '**તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.**' એને કોઈની ઉપમા છે નહિ.

'**વળી તે કેવી છે?**' અપવર્ગ છે. લ્યો, એ વધારે કાઢ્યું. '**धुवमचलमणोवमं**' એ ગતિ અપવર્ગ છે. અપવર્ગ. '**ધર્મ, અર્થ અને કામ...**' પુણ્ય, લક્ષ્મી અને ભોગ એ ત્રણ વર્ગ કહેવાય છે. ધર્મ એટલે પુણ્ય. અર્થ એટલે લક્ષ્મી. કામ એટલે ભોગ. '**એ ત્રિવર્ગ કહેવાય છે; મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી...**' એ ત્રણ વર્ગમાં મોક્ષ છે નહિ અને મોક્ષની પર્યાયમાં ત્રણ વર્ગ નથી. સમજાણું કાંઈ? ધર્મ એટલે પુણ્ય-શુભભાવ. અર્થ-લક્ષ્મી. એનો જે રળવા આદિનો અશુભભાવ. એ એમાં નથી. '**મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી તેને અપવર્ગ કહી,...**' અપવર્ગ કહી. બસ, એટલી વાત. '**આવી પંચમગતિને સિદ્ધભગવંતો પામ્યા છે.**' સંસ્કૃતમાં આવી ટીકા અમૃતચંદ્રાચાર્યે કરી. એક

શ્લોકનું સામાન્યપણું જે છે એની વિશેષપણે ટીકા કરી. એમાં આવા ભાવ ભર્યા છે એમ સમજાવે છે. ગાયના, ભેંસના આંચળમાં જેમ દૂધ હોય એ દોહીને કાઢે, બળૂકી બાઈ અંગૂઠો મારીને. એમ અહીં શબ્દોમાંથી ભાવ ટીકા કરીને કાઢ્યા છે. સમજાણું કાંઈ? દોહનારી બાઈ હોય ને? દોહનારી. એ દોહનારી આંચળને આમ ન દોહે. આંચળને આમ રાખીને ન દોહે. એ.. ..ભાઈ! એનો અંગૂઠો છે એ એના વચલા ભાગમાં રાખે. વચલા ભાગમાં આંચળ રાખે અને દોહે. ત્યારે એને ભીંસ થઈને દૂધ નિકળે. નહિતર આમ કાઢે તો ચાંદા પડે. સમજાણું કાંઈ? આ બધું તો અમે જોયું છે ને. આ જોયેલી વાત કરી.

કહે છે, આહાહા..! આ શબ્દોમાં એટલા ભાવ (છે), શબ્દોમાં કહેવાના ભાવ છે. કહે છે કે એ વર્ગમાં નથી એવી અપવર્ગ છે. એવું શબ્દોમાંથી કાઢ્યું. '**આવી પંચમગતિને સિદ્ધભગવંતો પામ્યા છે.**' એથી એનો અર્થ એ થયો કે સિદ્ધગતિ પુણ્યથી, લક્ષ્મીથી કે ભોગથી પ્રાપ્ત થતી નથી. સમજાણું કાંઈ? લ્યો, આ પુણ્યથી, લક્ષ્મીથી સિદ્ધગતિ નથી મળતી એમ કહે છે. આ બધા પૈસાવાળા હોય ને, લાખ-બે લાખ પૈસા ખર્ચે એટલે થઈ ગયો ધર્મ. ધર્મ ધુરંધર બિરૂદ આપે. ધૂળેય નથી. સાંભળને હવે. પૈસા ક્યાં તારા છે? એ તો અજીવ છે, ધૂળ છે. સમજાણું કાંઈ? લ્યો, ભોગાનંદમાં બ્રહ્માનંદ છે. એનાથી મુક્તિ થાય એમ થયો ને એનો અર્થ. રજનીશ. આહા..હા..! ભગવાન! ભોગ તો અશુભરાગ છે. એના કારણ તરીકે થઈને કાર્ય થાય એ તો પરનું જડનું છે. એમ લક્ષ્મીનો ભાવ છે એ તો પાપ છે. ફળ તરીકે લક્ષ્મી (મળે ઈ). એમ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો શુભભાવ છે, એ પુણ્ય છે, એ મુક્તિનું કારણ નથી. કારણ હોય તો ત્યાં રહેવું જોઈએ. સમજાણું કાંઈ? જો એ કારણ હોય તો એના કાર્યમાં કાંઈક એનો અંશ રહેવો જોઈએ. આહા..!

મુક્તિ સિદ્ધ ભગવાનને હું વંદન કરું છું (એમ) ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે. એનો અર્થ અમૃતચંદ્રાચાર્ય પોતે એમ કહે છે કે હું એમ વંદન કરું છું. ત્રણ વર્ગમાંથી જુદી વર્ગની એની જાત જ જુદી છે. કહો, સમજાણું કાંઈ? એકડિયાનો વર્ગ, બેનો વર્ગ નથી કહેતા? એમાંથી મેટ્રિકનો વર્ગ, આનાથી એની જાત જ જુદી છે. એમાં કાંઈ સમાય એકડિયા, બગડિયા, સાતમી સુધીમાં? અમારા વખતમાં તો સાતમી સુધી હતી ને. તમારે હવે દસમી સુધી હોય. આ તો જાત જ જુદી છે કોઈ. આહાહા..!

'**તેમને...**' આવા સિદ્ધભગવંતોને... નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ શાંતિ એ મારી ભાવસ્તુતિ છે. અને શ્રોતાને પણ કહે છે કે તારી ભાવસ્તુતિ આવી જોઈએ. સમજાણું કાંઈ? એની સાથે દ્રવ્યસ્તુતિનો વિકલ્પ હોય. એવા શ્રોતાઓને પણ ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિવાળાને કહે છે કે તારી જ્ઞાનની પર્યાયમાં અનંતા સિદ્ધોને હું

સ્થાપન કરું છું. સમજાણું કાંઈ? આહા..! આ વાર, કવાર હોય છે ત્યારે બહાર નથી સ્થાપતા? શેરીમાં ક્યાંક મકાન હોય ત્યાં કાંઈક મૂકી આવે. શું નામ? પસ્તાનું. પહેલું મૂકી આવે. પછી વાર, તહેવાર હોય ગમે ત્યારે ત્યારે બહાર નીકળીને લઈને ચાલ્યા જાય. એમ અત્યારે સિદ્ધગતિની પ્રાપ્તિનો કાળ નથી. પણ હું પસ્તાનું તો મૂકું છું કે મારી પર્યાયમાં સિદ્ધો છે. સમજાણું કાંઈ? આહાહા..! પોપટભાઈ! દગ્ધકાળ આપણે આવ્યો હતો ને ભાઈ સવારમાં? અકાળ. અરે..! અકાળ-દગ્ધકાળમાં અત્યારે મુક્તિનો ઉપાય એવું જે ધ્યાન તો નથી. સમજાણું કાંઈ? મુક્ત સિદ્ધદશાના કારણરૂપ જે ધ્યાન, એવું ધ્યાન અત્યારે તો નથી. પણ એ સ્વરૂપમાં સ્થિરતા એટલી ન હોઈ શકે તો પણ વિકલ્પ દ્વારા લાભ થશે એમ માનીશ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંથારો કરવાની વાત નથી. શ્રદ્ધા આ. શ્રદ્ધાનો અર્થ આ છે કે નિજ પરમાત્મા જેવો છે તેવો તેની સન્મુખ થઈને શ્રદ્ધા રાખજે. નિજ પરમાત્મામાં સ્થિરતા એટલી ધ્યાનની અત્યારે નથી કે જેનાથી મુક્તિ થાય. એવા અકાળમાં પણ એમ ખીલી ન ટાકીશ કે અત્યારે આવા શુભક્રિયાના પરિણામથી પણ મુક્તિ હળવે હળવે થશે. એમ ન કરીશ. સમજાણું કાંઈ? નિજ પરમાત્માની શ્રદ્ધા. પોતાનો ભગવાન પૂર્ણ જ્ઞાનાનંદનો નાથ, એની સ્વઆશ્રય શ્રદ્ધા, નિર્વિકલ્પ શ્રદ્ધા, આનંદવાળી શ્રદ્ધા એ શ્રદ્ધા તો કર્તવ્ય છે. એ શ્રદ્ધા તો કરજે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે હું આ સિદ્ધને મારી અને તમારી પર્યાયમાં સ્થાપુ છું. સિદ્ધ થવાને વાર છે ખરી, મારે અને તારે બેયને. સમજાણું કાંઈ? '**પોતાના તથા પરના આત્મામાં સ્થાપીને, સમયનો (સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો) પ્રકાશક એવો...**' સર્વ પદાર્થ. સમય શબ્દનો અર્થ સર્વ પદાર્થ પણ છે અને સમય શબ્દે જીવપદાર્થ પણ છે. છે ને? ક્યાં આવ્યું? છેલ્લેથી બીજી, એ બરાબર છે. '**समयप्रकाशकस्य**'. ઠીક. '**प्रमाणतामुपगतस्यास्य समयप्रकाशकस्य**'. આ સમયનો પ્રકાશનારો. '**સમયનો પ્રકાશક એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ...**' ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા અર્હંતે જે પ્રવચન કહ્યું, પ્રવચનરૂપી પુરુષ, એનો આ અંશ છે. આ સમયસાર ભગવાનના મુખે નિકળેલો પ્રવચન, એવો પુરુષ પૂર્ણ, આ સમયસાર એનો એક અવયવ છે. સમજાણું કાંઈ? '**પ્રકાશક એવો જે પ્રાભૃત નામનો અર્હત્પ્રવચનનો અવયવ (અંશ) તેનું, અનાદિ કાળથી ઉત્પન્ન થયેલા મારા અને પરના મોહના નાશ માટે,...**' ભાષા જુઓ. આહા..! કહે છે, કથન ચાલશે, જ્ઞાન પણ ચાલશે પણ ત્યાં મારો ટીકા કરવાનો હેતુ અને વંદન કરીને આ સમયને કહેવાનો મારો ભાવ મોહને (નાશ કરવા માટે છે). મારો જે કંઈ અસ્થિરતાનો મોહ છે,... પેલામાં તો અર્થમાં કર્યું છે, આપણે નથી નાખ્યું.

મોહનો અર્થ અજ્ઞાન અને મિથ્યાત્વ નાખ્યું છે. પેલામાં જૂનામાં, ભાઈ! મોહનો અર્થ હિન્દીમાં (એમ છે). પછી આપણે ગુજરાતીમાં નાખ્યું. અહીં સમુચ્ચય મોહ છે. મારો મોહ... એ તો પરિગ્રહમાં આવે છે ને? નિર્જરા (અધિકારમાં) આવે છે ને? મારો અને પરનો પરિગ્રહ નાશ કરવા માટે. નિર્જરા અધિકારમાં એક ગાથા આવે છે. કળશમાં આવે છે. ક્યાંક આવે છે, નિર્જરામાં આવે છે. આ તો મુનિ છે પણ એ જાતની ભાષા તો આવે.

કહે છે, હું ટીકા કરનાર મારો જે મોહ છે જરી, રાગાદિ ભાવ છે, અશુદ્ધતા પરિણતિમાં છે. સમજાણું કાંઈ? કેટલામો? (૧૪૫ કળશ). **'स्वपरयोः अविवेकहेतुम् अज्ञानम् उज्झितुमना'**. છે ને? **'સ્વ-પરના અવિવેકના કારણરૂપ અજ્ઞાનને છોડવાનું જેનું મન છે...'** સ્વ-પરનો અવિવેક એમ ભાષા લીધી. જોયું! એઈ..! અમૃતચંદ્રાચાર્ય મુનિ પોતે કહે છે. સ્વ-પરના અવિવેકનું કારણ એવું જે અજ્ઞાન એને, **'છોડવાનું જેનું મન છે એવો આ ફરીને તેને જ (-પરિગ્રહને જ-) વિશેષતઃ છોડવાને પ્રવૃત્ત થયો છે.'** એનો અર્થ કે જેટલી અસ્થિરતા છે એટલી હજી જુદાઈ પડી નથી. આમ તદ્દન જુદો ભેદ પડી જાય તો તો થઈ રહ્યું. એટલે અસ્થિરતાને છોડવા આ ટીકા કરું છું, કહે છે. ટીકા કરવી એ તો વિકલ્પ છે. સમજાણું કાંઈ? એ.. પંડિતજી!

અમૃતચંદ્રાચાર્યના (ત્રીજા કળશમાં) પણ આવે છે. **'परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा'**. મારી પરમ વિશુદ્ધિ હો. ટીકા કરતાં મારી પરમ વિશુદ્ધ હો. એનો અર્થ એવો નથી કે ટીકા કરતા જે ટીકાનો વિકલ્પ ઉઠ્યો છે એનાથી પરમ વિશુદ્ધ હો. પાઠ તો એવો છે, અહીં પણ પાઠ એવો છે. કુંદકુંદાચાર્ય પોતે કહે છે. ત્યાં અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે. મારા અને પરના મોહના નાશ માટે આ હું પરિભાષણ કરું છું. સમજાણું કાંઈ? પહેલું ત્યાં આવ્યું હતું, અમૃતચંદ્રાચાર્યમાં. આ આવ્યું ટીકામાં. અમૃતચંદ્રાચાર્ય કહે છે, આની ટીકા કરતાં જ. સમયસાર વ્યાખ્યેવ. સમયાસરની વ્યાખ્યા નામ ટીકા કરતા જ મારી પરમ વિશુદ્ધ થઈ જાઓ. આમાં તો વાંધો ઉઠે. એક કોર કહેવું કે શાસ્ત્રમાં જે વિકલ્પ જાય છે એ વ્યભિચાર છે. એઈ..! અહીં કહે છે, ટીકા કરવા વખતે જે વિકલ્પ છે એ વ્યભિચાર છે. એ.. હિંમતભાઈ! ભારે!

એમ કહે છે કે મારું ઘોલન અંતર્મુખ જ છે. ટીકા કરવા કાળે પણ અંતર્મુખના વલણમાં જ મારી દૃષ્ટિ અને સ્થિરતા છે. તો આ ટીકા કરવાના કાળમાં, ટીકા કરવાને કારણે એમ નહિ પણ ટીકા કરવાના કાળમાં (મારી પરમ વિશુદ્ધ હો). સમજાણું કાંઈ? ભારે તકરારું કરે માણસ, નહિ? જુઓ! આ ટીકા કરતાં નિર્જરા થાય એમ લખ્યું છે આમાં. એઈ..! ભાઈ! એનો અર્થ સમજવો જોઈએ ને. કહે છે કે મારું જોર સ્વભાવ સન્મુખમાં એકતાની અંતરની સન્મુખતાની સાવધાની મારી વર્તે છે. એ આ ટીકાના કાળમાં

ભગવાન કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય કહે છે, એ કંઈક અશુદ્ધ છે એ નાશ થઈ જાઓ. સમજાણું કાંઈ? પરનો મોહ પણ એમ કહે છે કે હું તને સંભળાવું છું અને તું ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિવાળો બેઠો છો... સમજાણું કાંઈ? તારો જે મોહ છે આ સમયસાર સાંભળતા એના કાળમાં તારી અશુદ્ધતાનો નાશ થઈ જાઓ. સમજાણું કાંઈ? આહા..હા..! કારણ કે શ્રોતાને અમે એવો લીધો છે કે જે ભાવસ્તુતિ અને દ્રવ્યસ્તુતિ, અંતરની એકાગ્રતા પણ છે અને વિકલ્પ પણ છે. એવા શ્રોતાને અમે આ સંભળાવીએ છીએ. કહો, પોપટભાઈ! આહાહા..! વીતરાગદર્શનને સમજવું એ અલૌકિક વસ્તુ છે. નયના કથનોને કઈ રીતે બેસાડવા,... કેમ ઘટાવવું, શું સમજવું જોઈએ.

અહીં તો ચોખ્ખું કહે છે, લ્યો, મારા અને પરના મોહના નાશ માટે હું પરિભાષણ કરું છું. સંસ્કૃત ટીકા પડી છે, જુઓ! છે ને? '**स्वपरयोरनादिमोहप्रहाणाय भाववाचा द्रव्यवाचा च परिभाषणमुपक्रम्यते**'. ઠીક. આહા..હા..! મારી જ્ઞાનધારા પણ એવી જ ક્રમે ક્રમે જ્યાં જે મારે કહેવા માગવાનો શબ્દ છે, એ શબ્દ જે જ્ઞાનને અનુસરશે તે જ્ઞાન પણ મારું ધારાવાહી તેવું જ હશે. સમજાણું કાંઈ? અને તે જ્ઞાનધારાને અનુસરતી વાણી એવી જ વાણીનો કાળ એનો કે એવી જ એ વાણી નિકળશે. આહાહા..! ગજબ કરે છે ને! સમજાણું કાંઈ? બેયમાં નિમિત્ત સિદ્ધ કરે છે. ભાવવાચા જે જ્ઞાનધારા અત્યારે ચાલે છે એ જ્યારે મારે જે પ્રકારે સમયસારના શબ્દો જે ઠેકાણે જે પ્રકારે કહેવાના હોય તે પ્રકારે શબ્દ નિકળશે. પણ એ શબ્દો પણ મારી જ્ઞાનધારા જે સ્વને આશ્રયે છે, એ જ્ઞાનની ધારા પણ તે કાળે જે શબ્દ જેનું અનુસરણ કરે એવી જ જ્ઞાનધારા હશે ત્યાં. સમજાય છે કાંઈ?

આસ્રવ (અધિકારમાં) આવ્યું ને? જઘન્ય પરિણમન છે તે બંધનું કારણ છે. એમ આવ્યું ને? શબ્દો એવો આવ્યા ત્યારે જ્ઞાનમાં પણ એ જાતના ક્ષયોપશમની ધારા તે પ્રકારે ત્યાં છે. એ ધારાને શબ્દ અનુસર્યા છે. શબ્દ એ ધારાને અનુસર્યા છે. શબ્દ શબ્દથી છે અને જ્ઞાનધારા જ્ઞાનધારાથી છે. એને અનુસરીને શબ્દ આવ્યા છે. ગજબ વાત કરે છે! ઓહોહો..! આવી શૈલી પરમેશ્વર થવાને લાયક જીવ વિના હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જે ઠેકાણે મારે વ્યવહારને કહેવો છે તો મારું જ્ઞાન પણ તે કાળે તેવું જ હોય છે. સમજાણું? અને તે વખતે વિકલ્પ પણ એવો અને વાણી પણ એવી જ (આવશે). ત્રણનો મેળ છે. સમજાણું કાંઈ? આ તો અજબગજબની વાત છે, ભાઈ! આ તો પરમેશ્વરને પહોંચવાની કળાની વાત છે. આહા..!

કહે છે કે આ સમયસાર જે અર્હંતપ્રવચનનો અંશ છે. એમ સિદ્ધ કર્યું ને? ભગવાનની જે પૂરી વાણી છે એનો આ એક ભાગ છે. એ મારું કહેવું છે અને હું કરું છું એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ગજબ ટીકા છે ને! એક ગાથામાં કેટલું ભર્યું છે! આચાર્યો

પોતે.. એક બાજુ આવે છે ને, શાસ્ત્રને સાંભળવા એ પણ બંધનું કારણ છે. શાસ્ત્ર કહેવા એ બુદ્ધિ પણ વિકલ્પવાળી વ્યભિચારી છે. એક બાજુ એમ કહેવું પાછુ કે આચાર્યોના શબ્દોમાં વાંચન કાળે ત્યાં એકલા અતીન્દ્રિય અમૃતના બિંદુ ઝરે છે. સમજાણું કાંઈ? ભગવાનની વાણી.. આહાહા..! વાણી તો વાણી છે. વાણીને કાળે જે પોતાનું જ્ઞાન થાય છે, પોતાનું એટલે પોતાની પર્યાયમાં, એ જ્ઞાન પણ પરાલંબી પોતાથી થયેલું પણ લક્ષમાં ત્યાં છે એવું થયેલું, એ પણ જ્ઞાન નહિ. છતાં અહીં તો એમ કહે કે શાસ્ત્રને વાંચતા.. એઈ..! ધવલમાં આવે છે ને? ભાઈ! અસંખ્યગુણી નિર્જરા. એવું આવે છે. રતનચંદ નાખે, આમાં આમ કહ્યું છે. ભાઈ! સાંભળને ભાઈ! અસંખ્યગુણી નિર્જરા કીધી છે. શાસ્ત્રની સ્વાધ્યાય કરતાં, હોં!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કારણ આ, એને કાળે અમારું ઘોલન અંતર વર્તે છે. એ કાળે અમારા અંતર ઘોલનને આશ્રયે નિર્જરા થાય છે. એઈ..! આહાહા..!

અહીં કહે છે, હું સમયસાર કહું છું. તો કહેવાનો છે એ તો એક વિકલ્પ છે. અને વાણી છે ઈ જડ છે. છતાં હું કહીશ અને કહેવાના કાળથી એટલે આનાથી જ મારો મોહ નાશ થશે અને તારો પણ મોહ એનાથી નાશ થશે. સમજાણું કાંઈ? એક જણ કહેતો હતો, હું સમયસાર પંદર દિ'માં વાંચી ગયો. બહુ સારી વાત છે, બાપા! સમયસાર એટલે નવ તત્ત્વની વાત છે. નવ નહિ, એકની વાત છે, સાંભળને હવે. એઈ..! હું તો પંદર દિ'માં વાંચી ગયો. તમે બહુ વખાણ કરો છો, આવું આવું સમયસાર. ઠીક બાપા. આહાહા..!

અહીં તો એક ગાથાને પહોંચી વળવું કઠણ છે. સમજાણું કાંઈ? આ તો ભગવાનની વાણી આત્માથી આવેલી છે. લ્યો, શ્રીમદ્ એમ કહે છે. આત્મભાષા, એક શબ્દ છે. આત્માની ભાષા હોય? એનો અર્થ કે આત્મા જે રીત શુદ્ધમાં પરિણમ્યો છે, તે કાળની ભાષા નિમિત્તરૂપે આને થઈને થાય છે તો એ આત્માની ભાષા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે અનાદિકાળથી ઉત્પન્ન થયેલો મારો મોહ. એટલે? મિથ્યાત્વ જ છે એવું કાંઈ નહિ. રાગ જે અનાદિ કાળનો હજી મારી પાસે છે. શું કીધું? ચારિત્રનો જે અસ્થિરતાનો દોષ છે એ દોષ અનાદિનો છે. ભાન થયું છે અનુભવનું સમ્યગ્દર્શન થતાં, એ રાગ ભાગ છે એ તો અનાદિનો છે. અનાદિની જાતનો એ રાગ એમ ને એમ રહે છે. ચારિત્રની અસ્થિરતાનો, એમ કહે છે. સમજાણું કાંઈ? અનાદિ કાલથી ઉત્પન્ન થયેલો મોહ કીધોને? અનાદિનો છે ને? આવે છે, પંચાસ્તિકાયમાં પાછળ, નહિ? ૧૭૨માં. અનાદિ કાળનો રાગ મારામાં છે. મુનિ એમ કહે છે. સમજાણું કાંઈ? કારણ કે જે રાગનો અંશ ટળ્યો

નથી, એ રાગની જાત તો અનાદિની એમ ને એમ છે. સમજાણું કાંઈ? એ અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ રાગ, એવો જે મારો રાગ-મોહ અને તારો પરનો રાગ, સાંભળનારને કહે છે. તારી પાસે પણ રાગ અનાદિનો છે. સમજાણું કાંઈ? જેટલી અસ્થિરતાનો રાગ છે એ તો અનાદિનો છે. એ કંઈ સ્થિરતા થઈ ગઈ છે અને અસ્થિરતા નવી આવી છે, એમ કંઈ છે નહિ. સમજાણું કાંઈ? કેટલું ભર્યું છે આમાં, જુઓને! કેટલું નાખે છે! ટીકા તે ગજબની ટીકા છે ને!! ભરતક્ષેત્રમાં આવી ટીકા ક્યાંય નથી. સમજાણું કાંઈ? અન્યમાં નથી પણ દિગંબર સંપ્રદાયમાં આવી ટીકા આ ઠેકાણે આવી છે એવી બીજે નથી આવી.

અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારો અને પરનો મોહ, એના નાશને માટે '**હું પરિભાષણ...**' હું પરિભાષણ, એનો અર્થ કરશે. જ્યાં જ્યાં જે જોશે ત્યાં ત્યાં તે ભાષા આવશે. શાસ્ત્રની ગુંથણી એવી આવશે. જ્યાં જ્યાં જોશે ત્યાં ત્યાંથી એને નિમિત્ત થવામાં જ્ઞાનની ધારા પણ એવી જ હશે. સમજાણું કાંઈ? '**હું પરિભાષણ કરું છું.**' લ્યો. ઓહો..! મહારાજ! વાણી હું બોલું છું એ તો તમે ના પાડતા હતા. વાણી તો આત્માનું કાર્ય છે જ નહિ. જ્ઞાન કારણ અને વાણી કાર્ય એમ છે? ધવલમાં આવે છે. ધવલમાં આવે છે, એવો પાઠ આવે છે. જ્ઞાન કારણ છે અને વાણી કાર્ય છે. એ તો એ વાણી કાળે જે જ્ઞાનધારા નિમિત્ત હતી એને નિમિત્તકારણ તરીકે કહેવામાં આવ્યું. આહાહા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપી એમાં વાણી કેવી? એમાં વિકલ્પ કેવો? પણ તે કાળે તે પ્રકારની વાણી પરિણમવામાં, પરિણમે તો એને કારણે, નિમિત્ત રૂપે જે જ્ઞાનનો ઉઘાડ હતો તે કાળે તેને નિમિત્ત થયો માટે કારણ કહેવામાં આવે છે. આમાંથી કાઢવું હોય તો કાઢી શકે. હું પરિભાષણ કરું છું. આ સિદ્ધાંતને હું કહું છું. બાપુ! હું કહું છું એટલે શું? મારી જ્ઞાનધારા તે કાળે શબ્દને સન્મુખ કરવાનું જે જ્ઞાનને બને, એવી જ્ઞાનધારા મારી પરિણમશે. એ પરિણમાવું છું એમ પણ નથી. આહાહા..! એઈ..! એ વખતે તે જ પરિણમન છે, એને હું પરિણમાવું છું એમ આમાં નથી. છતાં હું જ્ઞાનધારા દ્વારા અને વિકલ્પ દ્વારા આ હું કહીશ. સમજાણું કાંઈ? કે જેથી મારો અને તારો અનાદિની અસાવધાનીનો અંશ નાશ થઈ જશે. અને પૂર્ણ પદને પ્રાપ્ત થશે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)